જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦   ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૦૩/૨૦૧૮ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-   સમાચાર યાદી નં.૬૨૦/૧૮

દાણીલીમડા પોલીસ સ્ટેશન :

## મિલકત સબંધી ગુનો શોધી કાઢતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેકટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા અધિક નાયબ પો.કમિ.શ્રી "કે" ડીવીઝનનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા વાહન/ઘરફોડ ચોરીના ગુનાઓ શોધી કાઢવા સુચના મળતા જે અન્વયે સિનિયર પોલીસ ઇન્સપેક્ટરશ્રી આર.કે.અમીનનાઓની સુચના હેઠળ તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ.આર.જી.ખાંટ તથા સાથેના સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથેના સ્ટાફના પો.કો.જગદીશભાઇ ગણેશભાઇ તથા પો.કો.ઇન્દ્રજીતસિહ પરબતસિહનાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે આરોપી **કદીર સ/ઓ અફરોજભાઇ ગનીભાઇ શેખ ઉ.વ.૨૯ રહે : મ.નં.સી/૧૩૬ મક્કાનગર ગાલીબ પાર્ક પાસે સોનલ પોલીસ ચોકી પાછળ જુહાપુરા અમદાવાદ શહેર**નાઓને એક સુઝુકી કંપનીનુ બ્લ્યુ કલરનુ સુઝુકી **એકસેસ નં.જીજે.૨૭.બી.કે.૯૧૯૨ આશરે કિ,રુ,૫૦,૦૦૦/** ની મત્તાના મુદામાલ સાથે સી.આર.પી.સી કલમ ૪૧(૧)(ડી) મુજબ પકડી લઇ સદરીની પુછપરછ દરમ્યાન સદર ઉપરોક્ત એકસેસ ગઇકાલ સાંજના આશરે સાડા ત્રણથી ચાર વાગ્યાના સુમારે સરખેજ રોજા પાસે સરખેજ ઢાળ નજીક આવેલ ગાર્ડનની આગળ જાહેર રોડ ઉપરથી ચોરી કરી મેળવેલ હોવાની કબુલાત કરતા સદરી વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી **સરખેજ પો.સ્ટે.ગુ.ર.નં.૭૨/૧૮ ઇ.પી.કો.કલમ-૩૭૯** મુજબનો મિલ્કત સંબંધી ગુનો શોધી કાઢેલ છે.



## વાસણા લાવણ્ય સોસાયટીમાં વિશ્વેશ્વર મહાદેવના મંદિરમાં થયેલ સુરેશભાઇ શાહ મર્ડર કેસના આરોપીઓને પકડી પાડી ગુનાનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ

તા.૧૦/૦૩/૨૦૧૮ ના રોજ સવારના અગીયારેક વાગ્યાના સુમારે વાસણા લાવણ્ય સોસાયટીમાં વિશ્વેશ્વર મહાદેવના મંદિરમાં સુરેશભાઇ જયંતીભાઇ શાહ નાઓ દર્શન કરવા સારૂ ગયેલ ત્યારે કોઇ અજાણ્યા માણસોએ કોઇ કારણોસર સુરેશભાઇ જયંતીભાઇ શાહ ના મોઢાના ભાગે ફાયરીગ કરી મોત નીપજાવેલ હોય, જે બાબતે વાસણા પો.સ્ટેશન ખાતે ફસ્ટ ગુ.ર.નં. ૨૭/૨૦૧૮ ઇ.પી.કો. કલમ:- ૩૦૨ તથા ધી આર્મ્સ એકટ કલમ:- ૨૭(૧) તથા જી.પી. એકટ કલમ:- ૧૩૫(૧) મુજબ ગુન્હો દાખલ થયેલ છે.

ઉપરોક્ત બનેલ ખુનના ગંભીર ગુન્હાની નોંધ લઈ આ ખુન કેસનો ભેદ ઉકેલવા સારું અને તેઓના હત્યારાઓને ત્વરિત પકડી પાડવા સારુ નાયબ પોલીસ કમિશ્નર ક્રાઇમ બ્રાન્ચ શ્રી દિપન ભદ્રન સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેરમાં બનેલ ઉપરોક્ત બનાવ શોધી કાઢવા સારુ અધિક નાયબ પોલીસ કમીશ્નર શ્રી ડૉ. રાજદીપસિહ ઝાલા નાઓની આગેવાની હેઠળ અલગ અલગ ટીમો બનાવવામા આવેલી અને ઉપરોક્ત બનાવ શોધી કાઢવા સારુ પ્રયત્નો ચાલુ હતા. દરમ્યાન પો.ઇન્સ. શ્રી વી.આર. મલ્હોત્રા નાઓને બાતમી હકીકત મળેલ કે એલમખાન મુરીદખાન જતમલેક રહે, ગામ.જેજરી મસ્જીદની પાછળ તા.પાટડી જી.સુરેન્દ્રનગર તથા રફીકભાઇ અબ્દુલભાઇ સુમરા રહે:- મ.નં ૬૧ રોનક પાર્ક સોસાયટી APMC માર્કેટની પાછળ વેજલપુર અમદાવાદ શહેર મુળવતન : ગામ.બજાણા ઇન્દિરાનગર તા.પાટડી જી.સુરેન્દ્રનગર નાઓ સુરેશ જયંતીભાઇ શાહ ના ખુનમાં સંડોવાયેલ હોવાના અને હાલમાં બંન્ને ઇસમો વેજલપુર એ.પી.એમ.સી. માકેટ પાસે ઉભેલ હોવાની હકિકત આધારે તપાસ કરતા સદરી બંન્ને ઇસમો ઉપરોકત જગ્યાએ હાજર મળી આવેલ હોય, તેઓ બંન્નેને અત્રે ક્રાઇમ બ્રાન્ચ, કચેરી ખાતે લાવી ઉપરોક્ત ગુન્હા સબબ પુછ પરછ કરતા એલમખાને જણાવેલ કે, પોતે વતનમાં ખેતીવાડીનો ધંધો કરતા હોય અને પોતાનો મિત્ર રાજુ શેખવા જે અમરેલી ખાતે રહેતો હોય, જે રાજુ શેખવાને અમદાવાદ ખાતે રહેતા સુરેશ શાહ નામના ઇસમ સાથે મનદુખ હોય જેથી તેનુ ખુન કરવા સારૂ પોતાને રૂ.૫૦,૦૦,૦૦૦/- માં સોપારી આપેલ. જેથી આજથી ૨૫ દિવસ પહેલા પોતાના ગામની બાજુમાં રહેતા રફીકભાઇ સુમરા ને પોતાના ઘરે બોલાવેલ તે વખતે રાજુ શેખવા હાજર હોય અને રાજુ શેખવા એ પોતાના મોબાઇલ ફોનમાંથી રફીકને સુરેશ શાહ નો ફોટો બતાવેલ અને આ ફોટાવાળા ઇસમ સુરેશ શાહ ને પતાવી દેવાનો છે. અને આ કામ માટે રફીક ને મુસાફરી ખર્ચ પેટે પ્રથમ વખતે રૂ.૩૦,૦૦૦/- આપેલા. દરમ્યાન પોતે તથા રફીક સુમરા તથા રાજુ શેખવા ત્રણેય જણાઓ ભેગા મળી રાજુ શેખવાની ફોર વ્હીલ ગાડીમાં અમદાવાદ ખાતે રહેતા સુરેશ શાહ ના ધંધાવાળી જગ્યા તથા રહેણાંકવાળી જગ્યા તથા મંદિરવાળી જગ્યાએ રેકી કરેલી. ત્યાર બાદ ઉપરોક્ત કામના એડવાન્સ પેટે રાજુ શેખવાએ રૂ.૧૫,૦૦,૦૦૦/- રોકડા તથા બે દેશી તમંચા તથા બે પિસ્ટલ તથા તેના કારતુસો આપેલા. આ

સુરેશ શાહ નુ રાજુ શેખવાએ આપેલ સોપારી મુજબ ખુન કરવાનુ નક્કી કરેલ, જેથી એલમખાન તથા રફીક સુમરા નાઓએ સુરેશ શાહ ની કરેલ રેકી અંગેની તમામ માહિતી રાજુ શેખવાને આપેલી. અને રાજુ શેખવાએ બંન્ને આરોપીઓને જણાવેલ કે, રેકી કરવાની ટીમ અલગ તથા ખુન કરવાની ટીમ અલગ રાખવામાં આવે તો પોલીસમાં પકડાઇ ન જઇએ. જેથી અમોએ ચાર હથિયાર તેમજ કારતુસ ખુન કરનાર બીજી ટીમને આપી દીધેલ. ત્યાર બાદ રાજુ શેખવાએ બંન્ને આરોપીઓ દ્વારા આપવામાં આવેલ માહિતીઓ વડે બીજી ટીમ મારફતે સુરેશ શાહ નુ ખુન કરાવેલ છે.

આમા હજુ અન્ય ઇસમો તથા રાજુ શેખવાના પરિવારજનો તથા સગા સબંધીઓ સંડોવાયેલા હોવાની શકયતા નકારી શકાય નહિ,

<u>આરોપીઓનો ગુન્હાહિત ઇતિહાસ:-</u>

(૧) એલમખાન મુરીદખાન જતમલેક :-

- આજથી પચ્ચીસેક વર્ષ પહેલા મોઢવાણા ગામ તા. લખતર ખાતે ખુનના ગુન્હામાં લખતર પો.સ્ટેશન ખાતે પકડાયેલ છે.
- આજથી ત્રીસેક વર્ષ પહેલા ખેરવા ગામ તા. પાટડી ખાતે ખુનના ગુન્હામાં પાટડી પો.સ્ટેશન ખાતે પકડાયેલ છે.
- આજથી બત્રીસ વર્ષ પહેલા સુરેન્દ્રનગર એલ.સી.બી. પોલીસે ગેરકાયદેસર હથિયાર ના ગુન્હામાં પકડેલ છે.
- આજથી પાત્રીસ વર્ષ પહેલા સુરેન્દ્રનગર પાટડી પો.સ્ટેશનના પોલીસે ગેરકાયદેસર હથિયાર ના ગુન્હામાં પકડેલ છે.

(૨) રફીક અબ્દુલભાઇ સુમરા :-

- આજથી પાંચેક વર્ષ પહેલા ગામ બજાણા ખાતે મારામારીના ગુન્હામાં પાટડી પો.સ્ટે. ખાતે પકડાયેલ છે.



**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

"ઇ" ડીવીઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, "ઇ" ડીવીઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ






નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.